# સમૂહ-માધ્યમોની યુવતીઓનાં વિકાસ પર થતી અસરો

ભાગ્યશ્રી જે. રાજપૂત
(PhD Student)સમાજશાસ્ત્ર ભવન,
ગુજરાત યુનીવર્સીટી,અમદાવાદ-3૮000૯
ગુજરાત, ઇન્ડિયા,મો.નં-૮૪૬૦૪૫૫૫૯૭

❖ **પ્રસ્તાવના :-**

વર્તમાન યુગ ને જ્ઞાન અને માહિતીના યુગ તરીકે ઓળખવામાં આવે છે, સમૂહ-માધ્યમો એ દરેક સમાજના લોકો પર એવી અસર પાડી છે કે, તેની ગેરહાજરીમાં જન-સમુદાયની પરિસ્થિતિ કેવી થાય તે કલ્પવું મુશ્કેલ છે. અખબાર, સામાયિક, ચોપાનીયા, પત્રિકાઓ, રેડિયો, પુસ્તકો, ફિલ્મ, ટેલીવિઝન, સ્માર્ટફોન અને ઈન્ટરનેટ વગેરે જેવા સમૂહ-માધ્યમો એ આજના માનવ-જીવન પર ઊંડી અસર ઉપજાવી છે. પરંપરાગત માધ્યમો કરતા આધુનિક સમૂહ-માધ્યમો એક વિશાળ વર્ગ સુધી વ્યાપી વળ્યાં છે. સમૂહ-માધ્યમો વડે વ્યક્તિને એટલી બધી માહિતી મળે છે કે, જેને પરિણામે વર્તમાન યુગને 'જ્ઞાન-યુગ' કહેવામાં ક્યાય અતિશયોક્તિ નથી.

સમૂહ-માધ્યમો વિશે વિચાર કરતા જણાય છે કે, મુદ્રણ (કાગળ) નું માધ્યમ ચાર સૈકા કરતા પણ વધારે ચાલ્યું. ત્યારબાદ ધીમે-ધીમે મુદ્રણ-કાગળ માંથી સામાયિક, ચોપાનીયા, પત્રિકાઓ, પુસ્તકોની શરૂઆત થઇ. પુસ્તકો બાદ વર્તમાન પત્રો દ્વારા લોકોને સમાચાર, માહિતી અંગે નાં ચિત્રો, એના પર ટીકા-ટિપ્પણ તેમજ માર્ગદર્શન પ્રાપ્ત થવા લાગ્યું. આ સમૂહ-માધ્યમ નાં પરિણામે લોકોની વિચારશૈલી, જીવનશૈલી, ભાષાશૈલી ઉપરાંત વ્યક્તિત્વમાં પણ પરિવર્તન આવ્યું. તેમજ વ્યક્તિવાદ ની વધતી જતી પ્રક્રિયાથી લોકો ની પોતાના કુટુંબ પ્રત્યેના, ધર્મ પ્રત્યેના, જ્ઞાતિ પ્રત્યેના, રીત-રીવાજો, ધોરણો, મૂલ્યો વગેરે અંગે નાં ખ્યાલો પણ બદલાવા લાગ્યા. સમૂહ-માધ્યમો ની ભૂમિકાએ લોકોની ભૂમિકા, દરજ્જો, ફરજો, લાગણીઓ વગેરે પર પણ અસર ઉપજાવી છે.

વર્તમાન સમય નાં સમૂહ-માધ્યમો માં મુખ્યત્વે ઈલેક્ટ્રોનિક (વિજાણું) માધ્યમો એ પોતાનો પ્રભાવ સમગ્ર સમાજ-વ્યવસ્થા નું એક અંગ બની ગયું છે. તેમજ સમૂહ-માધ્યમોની પ્રક્રિયાથી વિજ્ઞાનવાદનાં ખ્યાલો ભારતીય સમાજ માં તીવ્ર ગતિએ પ્રવેશવા લાગ્યા છે.

સમૂહ-માધ્યમ ટેલીફોન, તાર, ટપાલ ના જેવું વ્યક્તિગત સંદેશાનું સાધન નથી, પણ સમૂહના ચિત્ત પર અસર કરતું માધ્યમ છે. એક વિશિષ્ટ સંદેશ, એક જ સમયે, જુદે-જુદે સ્થળે રહેતા વિશાળ, અદ્રષ્ટ અને ભિન્નતા ધરાવતા દર્શકો ને આપવામાં આવે છે. એ સંદેશાને

પહોચાડવા માટેની પ્રક્રિયા તે સમૂહ-પ્રત્યાયન કહેવાય અને તેના સાધનો એટલે સમૂહ-માધ્યમો. (૧)

ભારતીય સમાજ-વ્યવસ્થામાં પરિવર્તન માટે ગણા પરિબળો જવાબદાર છે, તેમાનું એક સમૂહ-માધ્યમ પણ છે. આથી જ સમાજશાસ્ત્ર માં તે અંગે ઘણા અભ્યાસો અને સંશોધનો થયા છે. અગાઉ આપણે જોયું તેમ, સમૂહ-માધ્યમો માં તાર, ટપાલ, મેગેઝીન, અખબાર, સામાયિક, ચોપાનીયા, પત્રિકાઓ, રેડિયો, પુસ્તકો, ફિલ્મ, ટેલીવિઝન, સ્માર્ટફોન અને ઈન્ટરનેટ વગેરે જેવા સાધનોનો સમાવેશ થાય છે. ભારતીય સમાજમાં સ્માર્ટફોન એ ક્રાંતિકારી અસરો ઉપજાવી છે. વર્તમાન સમયમાં તેનું ચલણ અને પ્રભાવ દિન-પ્રતિદિન વધતો જાય છે. તેમાં પણ ખાસ કરીને યુવતી ઓનાં વિકાસ પર વધુ માત્રામાં થતો જોવા મળે છે. આધુનિક યુવતી ઓ ટેકનોલોજી થી ટેવાઈ ગયા છે. પોતાનું કોઈ પણ કાર્ય ઝડપથી પૂર્ણ કરવા માટે તેઓ સતત વિજાણું માધ્યમો સાથે જોડાયેલા રહે છે. પોતાના સંદેશાની આપલે કરવા માટે, કોઈ પણ માહિતી પ્રાપ્ત કરવા માટે તેમજ સમયનો બચાવ થાય તે હેતુથી આધુનિક યુવતી ઓ વિજાણું માધ્યમો નો ઉપયોગ વધુ પ્રમાણ માં કરે છે. આ ઉપરાંત આધુનિક યુવતી ઓ માત્ર માહિતી મેળવવા જ નહી પરંતુ પોતાના મનોરંજન માટે, ટાઇમ-પાસ કરવા માટે પણ વિજાણું માધ્યમ નો ઉપયોગ કરતાં હોય છે.

અનેક પ્રકારના વિજાણું માધ્યમો દ્વારા યુવતી ને સુવિધા, મનોરંજન, માહિતી તો પ્રાપ્ત થાય જ છે, પરંતુ તેની સાથે-સાથે આવા સંચાર-માધ્યમો ની યુવતી ઓનાં વિકાસ પર કેટલીક અસરો પણ થતી જોવા મળે છે. આવી અસરો સકારાત્મક પણ હોઈ શકે અને નકારાત્મક પણ હોઈ શકે. આ પ્રકારની અસરો માત્ર વ્યક્તિગત ધોરણે જ નહી પરંતુ સામુહિક સ્તરે થતી જોવા મળે છે. યુવતી ઓ જે રીતે સતત સમૂહ-માધ્યમો નો ઉપયોગ કરે છે તેની તેમના કુટુંબ-જીવન પર, અંગત-જીવન પર, સામાજિક-સંબંધો પર, સામાજીકરણ પર, શિક્ષણ પર પણ અસરો થતી જોવા મળે છે. સ્માર્ટફોન નો ઉપયોગ કરતા યુવતી ઓ પર આવી અસરો થતી જોવા મળે છે. યુવતી ઓ પોતાના કૌટુંબિક સંબંધો કરતા માધ્યમો દ્વારા જોડાયેલા સંબંધો ને વધુ મહત્વ આપતા જોવા મળે છે. સમૂહ-માધ્યમો દ્વારા યુવતી ઓ જે પ્રકારના વિડીયો, એક્શન મૂવી, માનસ-પટ પર અસરો કરે તેવા ફિલ્મો નિહાળે છે, તેમજ ફિલ્મોમાં દર્શાવતા દ્રશ્યો જેવી વૈભવી, સુખી-જીવન જીવવાની લાલસા ઉભી થાય છે. જેની યુવતી ઓનાં અંગત-જીવન અને સમાજ-જીવન પર વિપરીત અસર થતી જોવા મળે છે.

વિજાણું-માધ્યમો દ્વારા માત્ર વિપરીત અસરો જ નહી પરંતુ વિધાયક અસરો પણ થતી જોવા મળે છે. વિજાણું-માધ્યમો દ્વારા લોકો એકબીજા સાથે જોડાયેલા રહે છે. કોઇપણ વ્યક્તિ પોતાનાં ઘર માં બેસીને ઈન્ટરનેટ દ્વારા માત્ર આંગળીના ટેરવે દુનિયામાં બનતી ઘટનાઓ વિશે

ની માહિતી મેળવી શકે છે. પહેલાના સમયમાં સંદેશાઓની આપ-લે કરવા માટે તાર-ટપાલનો ઉપયોગ થતો હતો જે ખુબ જ ધીમી પ્રક્રિયા હતી. જયારે હવે ઈ-મેઈલ દ્વારા સંદેશો લેવા કે આપવાનું ખુબ જ સરળ અને ઝડપી બ્યુ છે. જે વ્યક્તિગત સ્તરે જ નહી પરંતુ વૈશ્વિક સ્તરે ઉપયોગી બન્યું છે. આજની યુવતી ઓ ફેસબુક, વોટ્સએપ, વી-ચેટ વગેરે જેવા એપ્સ નાં માધ્યમો સાથે સંકળાયેલા છે, જેથી યુવતી ઓ નવા સંપર્કો સરળતાથી મેળવી શકે છે, તેમજ ચિત્રો, વિડીયો, મેસેજ પણ મોકલી શકે છે. હવે તો રાજકીય પક્ષો પણ વિજાણું માધ્યમો નો ઉપયોગ પ્રચાર-પ્રસાર માટે કરતા થયા છે, આ ઉપરાંત તાજેતરની લોકસભાની ચૂંટણી માં આધુનિક યુવતી ઓને આકર્ષવા માટે સોશિયલ સાઈટ્સ નો ઉપયોગ તેનું ઉત્તમ ઉદાહરણ છે. જેનાથી આકર્ષી ને મતદાન ની સંખ્યા વધી. જે એક વિધાયક પાસું છે.

આધુનિક યુવતી ઓ પર થતી સમૂહ-માધ્યમો ની અસરો માત્ર આટલે થી અટકતી નથી. દિવસે ને દિવસે જેમ-જેમ વિજાણું-માધ્યમો વધુ વિકસતા જાય છે તેમ તેની અસરો, તેના પ્રભાવમાં પણ વધારો થતો જોવા મળે છે. આધુનિક યુવતી ઓની મોટાભાગની જરૂરીયાત મુજબ નાં કાર્ય સમૂહ-માધ્યમો દ્વારા જ પૂર્ણ થાય છે. આધુનિક યુવતી ઓ પોતાની અપેક્ષા પ્રમાણે આવા માધ્યમો નો ઉપયોગ કરે છે. આધુનિક યુવતી ઓ અને સમૂહ-માધ્યમો પરસ્પર એકબીજા સાથે કઈ-રીતે સંકળાયેલા છે? સમૂહ-માધ્યમો યુવતી ઓ પર કેવી અને કઈ રીતે અસર કરે છે? તે જાણવું મહત્વનું છે. વિજાણું માધ્યમોએ નવી માધ્યમોની સંસ્કૃતિ ઉભી કરી છે, તે માધ્યમોનો ઉપયોગ કરનાર નવું યુવા-જગત ઉભું કર્યું છે. તેની સાથે-સાથે નવી અસરોનો પણ જન્મ થયો છે, જે સમાજશાયુવતી ય દ્રષ્ટિકોણ થી તપાસવું જરૂરી બને છે.

આધુનિક સમયમાં જેમ-જેમ અનેકવિધ ક્ષેત્રે વિકાસનું પ્રમાણ વધતું જાય છે, તેમ-તેમ સમાજશાસ્ત્ર માં પણ સંશોધનક્ષેત્ર નાં વ્યાપમાં વૃદ્ધિ થયા કરે છે. વિકાસની સાથે-સાથે બાહ્ય-સંસ્કૃતિઓ ની વિચારધારા થી ભારતીય સમાજની સંસ્કૃતિમાં પરિવર્તન આવ્યું છે. વર્તમાન સમયમાં આ પરિવર્તન થી પશ્ચિમીકરણ અને સંસ્કૃતિકરણની પ્રક્રિયા વેગવંતી બની બની છે. વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર નાં લીધે વિશ્વ નાનું બનતું જાય છે. તેના ભાગરૂપે પરિવર્તન વધુ ઝડપી અને સંકળ સ્વરૂપે જોવા મળે છે. દરેક સમાજ પરસ્પર એકબીજા સાથે સમૂહ-માધ્યમો કે સંદેશાવ્યવહાર નાં સાધનો દ્વારા જોડાયેલા છે. આથી જો સમૂહ-માધ્યમો નાં સાધનોમાં પરિવર્તન આવે તો, આપોઆપ સમાજ અને તેના વિવિધ વિભાગો માં પણ પરિવર્તન આવવાનું જ છે. સમાજ એ વિશ્વનો જ એક ભાગ છે. આથી સમાજમાં આવતું પરિવર્તન વૈશ્વિક સ્તરે પણ આધુનિક પરિવર્તન લાવે છે. આધુનિક પરિવર્તન વિશ્વમાં સાર્વત્રિક જોવા મળે છે, તેનું પરિણામ પણ સર્વવ્યાપી બન્યું છે. એટલે કે આધુનિક પરિવર્તન ની પ્રક્રિયા વિકસિત, અવિકસિત, ગ્રામીણ-સમાજ, શહેરી-સમાજ, આદિવાસી-સમાજ એમ બધે જ જોવા મળે

છે. કોઇપણ સમાજ પરિવર્તન વિનાનો નથી. સમાજ જ્ઞાન અને માહિતીના ક્ષેત્રે વધુ વિકાસ કરે છે તેમ આધુનિક પરિવર્તન નાં પ્રમાણ માં વધારો થતો જણાય છે. સામાજિક પરિવર્તન ની પ્રક્રિયા એ માત્ર વ્યક્તિ પર જ નહી પરંતુ સમાજ નાં દરેક પાસાઓ- કૌટુંબિક, રાજકીય, શૈક્ષણીક, ધાર્મિક, સંસ્કૃતિક પર પ્રભાવ પડ્યો છે. સમાજ-જીવન આધુનિક પરિવર્તન ની અસરો થી બાકાત રહ્યું નથી. આધુનિક સમૂહ-માધ્યમો નાં પરિવર્તન તેમજ વિકાસ થી સમાજજીવન પર ઊંડી અસરો પડી છે.

આધુનિક પરિવર્તન માં સમૂહ-માધ્યમો ની ભૂમિકા કેવા પ્રકારની છે? તેમજ યુવતી ઓ પર સમૂહ-માધ્યમોની કેવી અસરો થાય છે? તે હેતુસર અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. સમૂહ-માધ્યમો પ્રત્યેના વધુ પડતા આકર્ષણ થી યુવતી ઓનાં કૌટુંબિક સંબંધો, ભાષાશૈલી, જીવનશૈલી, વિચારશૈલી માં પણ પરિવર્તન આવ્યું છે. સમૂહ-માધ્યમો ની માંગ દિન-પ્રતિદિન વધતી જાય છે, વગેરે જેવા પ્રશ્નો ની જાણકારી મેળવવામાં રસ હોવાથી અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

સમૂહ-માધ્યમો ને બે વિભાગો માં વહેચી શકાય છે :-

૧. મુદ્રિત માધ્યમ (Print Media)

૨. વિજાણું માધ્યમ (Electronic Media)

મુદ્રિત માધ્યમ માં મુખ્યત્વે સમાચારપત્રો, સામયિકો, પુસ્તકો તેમજ અન્ય મુદ્રિત માધ્યમો જેવા કે, પ્રસાર પત્રિકાઓ, બેનર, પોસ્ટર, બોર્ડ, ચોપાનીયા વગેરેનો સમાવેશ થાય છે. જયારે વિજાણું માધ્યમ માં રેડિયો, ટેલીવિઝન, ફિલ્મ, ઈન્ટરનેટ, વિડીયો-ફોન, લેપટોપ, ટેલીફોન, સ્માર્ટફોન વગેરે નો સમાવેશ થાય છે.

મુદ્રિત માધ્યમો સંદર્ભે જોઈએ તો ખ્યાલ આવશે કે, શિક્ષિત લોકો તેનો ઉપયોગ કરે છે તેઓને જ આ માધ્યમ ની પ્રત્યક્ષ કે પરોક્ષ અસરો થાય છે, જેઓ અશિક્ષિત છે, તેઓને આ માધ્યમ ની અસર સ્પર્શતી પણ નથી. જયારે વિજાણું માધ્યમ માં આનાથી ઉલટું છે.

વિજાણું માધ્યમ માં દ્રશ્ય અને શ્રાવ્ય એમ બન્નેનો સમાવેશ થતો હોવાથી આ માધ્યમ ની અસર માત્ર શિક્ષિત ઉપર જ નહી પરંતુ વિશાળ સંખ્યાના અશિક્ષિત લોકોને પણ આ માધ્યમ સ્પર્શે છે. સોશિયલ નેટવર્કીંગ નાં માધ્યમે તેનો પ્રભાવ-અસર વધુ માત્રા માં વર્તાતી જોવા મળે છે. વર્તમાન સમયમાં આ વિજાણું માધ્યમો નો ઉપયોગ ખુબ જ બહોળા પ્રમાણ માં થતો જોવા મળે છે. શરૂઆતથી જ જે-જે વિજાણું માધ્યમો નો ઉપયોગ લોક-જાગૃતિ, જન-હિત માટે તેમજ સમાજ નાં વિકાસમાં ફાળો આપી શકાય તે હેતુ થી કરવામાં આવતો હતો. પરંતુ સમય જતા આ જ વિજાણું-માધ્યમો ને ધ્યાન માં રાખીને વર્તમાન સમયમાં અનેક નવા આધુનિક ઉપકરણો અસ્તિત્વ માં આવ્યા છે.

પ્રાચીન સમયમાં જયારે પ્રત્યાયન માટેના માધ્યમોનો અભાવ હતો, ત્યારથી 'લોક-માધ્યમો' અસ્તિત્વમાં હતા. લોક-માધ્યમો ની શરૂઆત કોણે અને ક્યારે કરી તે કહેવું મુશ્કેલ છે, પરંતુ જ્યારથી માનવ-સમાજ અસ્તિત્વ માં છે ત્યારથી લોક-માધ્યમો અસ્તિત્વ ધરાવતા હતા. લોક-ડાયરા, લોક-ગીત, કઠ-પૂતળી, લોક-નૃત્ય, ભવાઈ વગેરે લોક-માધ્યમો છે. ત્યારબાદ સમય જતા મુદ્રિત માધ્યમો (Print Media) નો ઉદ્દભવ થયો.

મુદ્રિત માધ્યમો ની શરૂઆત જ્યારથી આદિમાનવે તેની ગુફા માં ચિત્રો કે પ્રતિકોને પ્રાથમિક દોરવાની શરૂઆત કરી ત્યાર થી કહી શકાય. પરંતુ કાગળ પર છાપકામની ટેકનોલોજી ચીનથી શરુ થઇ હતી. ત્યારબાદ જાપાનથી શરુ થઇ. અંતે પ્રિન્ટીંગ પ્રેસ દ્વારા છાપકામની શરૂઆત ૧૯ મી સદીના આરંભે થઇ હોવાનું માનવામાં આવે છે. ૧૯ મી સદી નાં અંત સુધીમાં તો કેટલાક યંત્રોનો આવિષ્કાર થયો અને આજે ઝડપી પ્રિન્ટ કોમ્પ્યુટર અને પ્રિન્ટર દ્વારા મેળવી શકાય છે. (૨)

જેમ-જેમ ટેકનોલોજીનો વિકાસ થતો ગયો, તેમ વિજાણું-માધ્યમનો ઉદ્દભવ-વિકાસ થતો ગયો. રેડિયો, ટેલીવિઝન, ચલચિત્રો, ઈન્ટરનેટ વગેરે વિજાણું-માધ્યમો છે.

૧૯ મી સદી માં રેડીયાનો ઉદ્દભવ થયો. વાસ્તવમાં રેડિયાની શોધ ૧૮૧૫ થી થાય છે. ઇટાલીના એક એન્જીનીયર ગુગ્લીયો માર્કોની એ રેડિયો ટેલીગ્રાફીથી જ્યારે પહેલો સંદેશો પ્રસારિત કર્યો. રેડિયો પર માનવીનો પહેલીવાર અવાજ ઈ.સ. ૧૯૦૬ માં સાંભળવામાં આવ્યો. ભારતમાં રેડિયો પ્રસારણ ઈ.સ. ૧૯૨૬ માં શરૂ થયું. (3)

ટેલીવિઝન નો આવિર્ભાવને માત્ર ૧00 વર્ષ થયા છે. ૧૮૯૦ માં માત્ર તસ્વીરો પ્રસારિત કરવાની ટેકનીકનો વિકાસ થયો હતો અને ૧૯30 માં બ્રિટનમાં ટેલીવિઝન એક ઘરેલું બની ચુક્યું હતું. જો કે વિશ્વનું પહેલું નિયમિત ટેલીવિઝન પ્રસારણ સાર્વજનિક સ્વરૂપમાં ૧૯3૬ માં થયું હતું. તસ્વીરોને પ્રભાવશાળી રીતે પ્રસારિત કરનાર પહેલું ઉપકરણ ૧૯૨૫ માં જે.એલ.બેચાર્ડે બનાવ્યું હતું. ભારતમાં પ્રથમ પ્રાયોગિક ટેલીવિઝન કેન્દ્રનું ઉદ્દઘાટન ૧૫-0૯-૧૯૫૯ માં દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદના હસ્તે થયું હતું. (૪)

લ્યુમિએર ભાઈઓનું નામ પણ પ્રારંભિક પ્રયત્નોમાં ગણનાપાત્ર છે. તેઓએ ફિલ્મોને વ્યવસાયના રૂપમાં સૌ પ્રથમ શરૂઆત કરી. ૨૮-૧૨-૧૮૯૫ માં તેઓએ પેરિસમાં પ્રથમ ફિલ્મ પ્રદર્શિત કરી હતી. જયારે જાર્નેસ મેલીસે ઈ.સ. ૧૮૯૭ માં પેરીસ નજીક દુનિયામાં પ્રથમ સ્ટુડિયોની સ્થાપના કરી હતી અને તે સ્ટુડિયોનું નામ પૈથેગારમેન્ટે હતું.

અમેરિકામાં વિલકામ્સે એ 'હોલીવુડ' ને જન્મ આપ્યો. તેમણે ૧૯0૨ માં ૧૨0 એકર જમીન ખરીદી અને તેનું પ્લોટીંગ કરી તે જગ્યાનું નામ 'હોલીવુડ' રાખ્યું હતું. અમેરિકામાં એડવીન પોર્ટરે ઈ.સ. ૧૯03 માં સિનેમાને એકદમ નવી દિશા પ્રદાન કરી. ભારતમાં પહેલો

ફિલ્મ શો ૭-૭-૧૮૯૬ માં થયો હતો. ફ્રાન્સના બે ભાઈઓ ઓગસ્ટ લુમટે અને ઓગસ્ટ લુઇસ એ આ પ્રથમ શો કર્યો હતો. જે.એસ.મદન એ ૧૯૦૭ માં કલકત્તા માં પ્રથમ સિનેમાઘર બનાવ્યું, જેનું નામ 'એલ્ફીનટન પિક્ચર પિલ્સ' હતું. દાદાસાહેબ ફાળકે ભારતીય ફિલ્મોના આધ્યસ્થાપક તરીકે ઓળખાય છે. તેમણે ૩-૫-૧૯૧૩ નાં રોજ 'રાજા હરિશ્ચંદ્ર' નામની પ્રથમ ફીચર ફિલ્મ બનાવી હતી, જે મૂંગી ફિલ્મ હતી, ત્યારબાદ નવી-નવી ફિલ્મો નો સિલસિલો શરૂ થયો હતો. (૫)

માહિતી અને પ્રસારણ નાં વિજાણું માધ્યમ માં નવીનતમ ક્રાંતિ ઉભી કરવાનું કાર્ય કરનાર ઈન્ટરનેટ નેટવર્કીંગ છે. ઈન્ટરનેટ ખુદ પોતે કોઈ સ્વતંત્ર રૂપમાં પોતાનું કોઈ સ્થાન નથી. પરંતુ આ કોમ્પ્યુટર અને ટેલીફોન ની વ્યવસ્થિત ગઢ-બંધન છે. એક રોચક વૈજ્ઞાનિક 'તંત્ર નું જાદુ' છે. તેને કેટલાક લોકો 'વર્લ્ડ વાઈડ વેબ' (વિશ્વ વ્યાપી તરંગ-) કહે છે. પરંતુ ઈન્ટરનેટ નાં તજજ્ઞો તેની સાથે સહમત નથી. જો કે તેને સાઈબર પ્રેસ, ધ નેટ, સુપર હાઈવે વગેરે નામથી ઓળખવામાં આવે છે.

ઈન્ટરનેટ નો વિકાસ અને ઉદ્દભવ સંયુક્ત રાજ્ય અમેરિકાની રાષ્ટ્રીય વિકાસ એકેડમી દ્વારા ઈ.સ. ૧૯૯૦ માં કર્યો. જો કે, તેનો જન્મ ઈ.સ. ૧૯૬૯ માં થયો એવું માનવામાં આવે છે. કેલીફોર્નીયાના વિદ્યાર્થી લિયોનાર્ડો કુલીનરાક દ્વારા સુચના નું આદાન-પ્રદાન માં નેટવર્કનું કામ થયું હતું કે જે અમેરિકન સુર્ક્ષ એજન્સી દ્વારા કરવામાં આવ્યું હતું જે આજે વિવિધ ખાનગી કંપનીઓ નાં હાથમાં ચાલે છે કે જે સમગ્ર વિશ્વના નાના ગામો સુધી આ સેવા ઝડપથી આગળ વધી રહી છે. (૬)

વર્તમાન સમયમાં યુવતીઓને આકર્ષતું ઈલેક્ટ્રોનિક માધ્યમ- સ્માર્ટફોન, લેપટોપ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ વગેરે છે. જેમાં યુવતીઓને તમામ પ્રકારનું મનોરંજન તેમજ સમાજના વિકાસને અનુરૂપ એપ્લીકેશન પણ મહત્વનું બન્યું છે. ફેસબુક, વોટ્સએપ, વી-ચેટ, વાઈબર વગેરે અનેક એપ્લીકેશન એ યુવતીઓ પર પ્રભાવ પાડ્યો છે. માત્ર યુવતીઓમાં જ નહી, પરંતુ બાળકો, સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો એમ દરેક વર્ગમાં એપ્લીકેશન અને વિજાણું માધ્યમોનું આકર્ષણ જોવા મળે છે. આધુનિક યુવતીઓ સ્માર્ટફોન પાછળ ઘણો જ સમય વેડફવા લાગ્યા છે. તેમાં શિક્ષિત યુવતીઓનો પણ સમાવેશ થાય છે. આથી સંશોધન માટે પ્રસ્તુત અભ્યાસ વિષયમાં મુખ્યત્વે વિજાણું-મધ્યાને કેન્દ્રસ્થાને રાખ્યા છે. શિક્ષિત યુવતીઓ સ્માર્ટફોન નો વધુ ઉપયોગ કરે છે, તેમજ વિવિધ પ્રકારના એપ્લીકેશન દ્વારા મનોરંજન અને માહિતીનું પ્રસારણ કરે છે. આ મનોરંજન અને માહિતીના કાર્યક્રમોએ યુવતીઓનાં કુટુંબજીવન, લગ્નજીવન, અંગતજીવન, વર્તન-વ્યવહાર, ખાન-પાન, ફેશન, આધુનિકીકરણ, સામાન્યજ્ઞાનમાં અસરો કરી છે. વિજાણું માધ્યમો નાં ઉપયોગથી તેમની માન્યતાઓ, ખ્યાલો, વલણો માં અસરો થઇ છે.

અનેક નવા વિજાણું માધ્યમો નાં સ્માર્ટફોન માં ફેસબુક, વોટ્સએપ, વી-ચેટ, વાઈબર ઉપરાંત નવા-નવા એપ્લીકેશનનો સમાવેશ થાય છે. ટેકનોલોજીની દુનિયામાં એવા કેટલાક એપ્સ છે જે આપણ ને ઘણા મદદરૂપ બને છે.

### ❖ ફેસબુક :-

ફેસબુક એ એક ઓનલાઈન સોશિયલ નેટવર્કીંગ સેવા છે. જેની શરૂઆત ૪ ફેબ્રુઆરી ૨૦૦૪ માં માર્ક ઝુકરબર્ગ દ્વારા કરવામાં આવી હતી. ઉપરાંત Eduardo Serverin, Andrew Mccllo, Dustin Moskovitz, Chris Hughes વગેરે નાં નામ પણ તેના સ્થાપકો તરીકે સંકળાયેલા છે. ભારત માં ફેસબુકનો પ્રવેશ ૨૦૦૫ થી થયો છે.

**આજે ફેસબુકમાં ખાતું બનાવવા માટે ઓછામાં ઓછી ૧૩ વર્ષની ઉંમર ધરાવતી હોય તે જરૂરી બને છે. પ્રારંભિક સમયે જયારે ફેસબુકમાં જેનું નામ Face Mash તે સક્રિય કરવામાં આવ્યું હતું. ત્યારે તેની સાથે ૪૫૦ લોકો જોડાયા હતા. પરંતુ આજે તેની સંખ્યા વધી ને ૧.૧૫ બિલિયન (માર્ચ-૨૦૧૩)** થઇ ચુકી છે. આમ, તે પ્રત્યાયન ની મહત્વની સેવા બની ગઈ છે. (૭)

### ❖ વોટ્સએપ :-

વોટ્સએપ ની શરૂઆતમાં કેલીફોર્નીયા માં અમેરિકી નાગરિકો Brin Acton અને Unrainian Jan Koum આ બન્ને દ્વારા કરવામાં આવી હતી અને આજે તે મહત્વની મેસેજિંગ એપ તરીકેની ભૂમિકા ભજવે છે.

વોટ્સએપ એ Free Messaging Application છે. **ફેસબુકની** જેમ વોટ્સએપ માં ઓનલાઈન અને ઓફલાઈન વાતચીત પહેલા જે-તે વ્યક્તિનો મોબાઈલ નામર પોતાના ફોનમાં સેવ કરેલો હોય તે જરૂરી બને છે. વપરાશકર્તાઓ પોતાની ફોનબુકમાં સેવ કરેલા નંબરોને ચિત્રો, વિડીયો અને ઓડિયો, મીડિયા તેમજ લેખિત સામગ્રી મોકલી શકે છે અને મેળવી શકે છે. (૮)

આજકાલ લોકોમાં એક વાતની ચર્ચા ચાલે છે કે, વિજાણું માધ્યમ-સ્માર્ટફોન દ્વારા યુવાજગત બરબાદ થઇ રહ્યું છે. વડીલો, ધર્મગુરૂઓ, નેતાઓ, કોલેજના શિક્ષકો, આચાર્યશ્રી, ખુદ વિદ્યાર્થીઓ પણ માને છે કે, વિજાણું માધ્યમ થી યુવતીઓ પર ઉપર વ્યાપક પ્રમાણ માં અસરો થાય છે. તેથી સંશોધન વિષય "સમૂહ-માધ્યમોની યુવતીઓ પર થતી અસરો" પસંદ કરવામાં આવ્યો છે.

વર્તમાન સમયમાં માધ્યમોના સંપર્કમાં આવીને યુવતીઓ જુદાં-જુદાં કાયદા-કાનુન વિશે સભાન બની છે,તેમજ ઘરેલું હિંસા અધિનિયમથી પણ યુવતીઓમાં જાગૃતિ આવી છે. ટેલીવિઝન, રેડીયોના માધ્યમથી યુવતીઓ દુનિયામાં બનતી ઘટનાઓ, બનાવોથી પરિચિત બની છે. આવાં અનેક ઈલેક્ટ્રોનિક મીડિયાના માધ્યમથી યુવતીઓ માટે એક નવો જ માર્ગ મોકળો થયો છે. સરકાર દ્વારા આપાતી યોજનાઓ, અધિકારો વિશે પણ અવનવા માધ્યમોના પરિણામે જ દુનિયાના છેડે રહેતી યુવતીઓ જાણી શકી છે.

સમૂહ-માધ્યમોએ યુવતીઓના વિકાસમાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. ભલે તે યુવતી ગૃહિણી હોય, નોકરી કરતી હોય કે વિદ્યાર્થી હોય, ભલે તે યુવતી ગ્રામીણ હોય કે શહેરી હોય... સમૂહ-માધ્યમો દ્વારા યુવતીઓના કુટુંબ જીવન, લગ્ન-જીવન, સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું છે. વર્તમાન સમયમાં માધ્યમોના પ્રભાવથી યુવતીઓનો વિકાસ તો થયો જ છે, પણ સાથે-સાથે તેમનો દ્રષ્ટિકોણ પણ બદલાયો છે, પ્રાચીન સમયમાં યુવતી એ ઘર ની ચાર દીવારોમાં જ રહેતી હતી, પહેલાં પિતા અને લગ્ન પછી પતિ જેમ કેહ તેમ જ કરવાનું, જ્યારે હવે તેવું રહ્યું નથી. આધુનિક સ્ત્રીઓ એ પુરુષ સમોવડી બની છે. આજની યુવતીઓ હવે પોતાનાં નિર્ણયો જાતે લઈ શકે છે, સફળતાપૂર્વક ઘરની જવાબદારી અને કામનાં સ્થળે પણ જવાબદારી નિભાવે છે.

સમૂહ-માધ્યમો દ્વારા દુનિયા સમક્ષ એવી નારી પણ આવી છે જેવીકાસ્ના પંથે આગળ વધી છે. સ્પોર્ટ્સમાં જોઈએ તો, સાનિયા મિર્ઝા, સાઈના નેહવાલ, મેરી કોમ વિશે આપણે જાણતા પણ ન હતા, ટેલીવિઝન, રેડિયો, ઈન્ટરનેટનાં માધ્યમથી આપણે તેમણે જાણી શક્યા, તેમના હુનરથી પરિચિત થયા.

વર્તમાન સમયમાં જોઈએ તો, આજે પણ યુવતીઓ કામનાં સ્થળે છેડતી, રસ્તા પર જતાં યુવતીઓને સાંભળવા મળતા અશ્લીલ શબ્દો, બળાત્કાર જેવાં બનાવો બને છે. આ બધાં બનાવો સામે પહોંચી વળવા સમૂહ-માધ્યમોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. જેમ કે, સરકાર દ્વારા જે ૧૮૧ અને ૧૦૯૧ જેવી હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે, એના વિશે યુવતીઓને સમૂહ-માધ્યમો દ્વારા જાણકારી પ્રાપ્ત થઇ છે. એ જ સમૂહ-માધ્યમ આજે યુવતીઓ માટે એક રક્ષક તરીકેનું કાર્ય કરે છે.

અવનવી એપ્લીકેશન જેમ કે, ફેસબુક, વોટ્સએપ, હાઈક, વાઈબર...દ્વારા યુવતીઓ દેશ-દુનિયાનાં સંપર્કોથી માહિતગાર બની છે. તેમજ અવનવું જ્ઞાન, માહિતી ટેકનોલોજી દ્વારા મેળવતી થઇ છે. યુવતીઓની ભાષાશૈલી, જીવનશૈલી, વિચારશૈલીમાં પરિવર્તન આવ્યું છે. આ ઉપરાંત યુવતીઓના તેમના સમાજના રીતરીવાજો, ધોરણો, મૂલ્યો વગેરે અંગેના ખ્યાલોમાં

પણ પરિવર્તન આવ્યું છે. આજની નારી પ્રેક્ટિકલ બની છે. તેમની બેવડી ભૂમિકા હોવાં છતાં પણ પોતાનો દરજ્જો ઉંચે લઇ જવામાં સફળતા મેળવી છે.

સમૂહ-માધ્યમોના પ્રભાવથી યુવતીઓની પોતાની ફરજો, લાગણીઓ, માન્યતાઓમાં પણ ખુબ જ પરિવર્તન આવ્યું છે. હવે તો, સમૂહ-માધ્યમોની પ્રક્રિયાથી વિજ્ઞાનવાદનાં ખ્યાલો યુવતીઓમાં તીવ્ર ગતિએ પ્રવેશવા લાગ્યા છે.

પ્રસ્તુત અસરો પર થી જોઈ શકાય કે, નારી જગતનો સમૂહ માધ્યમો સાથે એવો ગાઢ સંબંધ બંધાઈ ગયો છે કે, તેની અસર માત્ર તેના અંગત જીવન પર જ નહિ, બલકે સામાજિક જીવન પર પણ થતી જોવા મળે છે. આ ઉપરાંત યુવતીઓના મન પર પણ ઘેરી અસરો થતી જોવા મળે છે.

## ❖ સંદર્ભ સૂચી :-


૧. શાહ પ્રીતિ (૨૦૦૯) "સમૂહ-માધ્યમો અને સાહિત્ય", પાર્શ્વ પબ્લીકેશન, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, પાન.નં-૦૮

૨. વાઘેલા અનીલ (૨૦૧૪) "સમૂહ માધ્યમોનું સમાજશાસ્ત્ર", અનડા બુક ડીપો, ગ્રંથ સેતુ, ૧૭૫૬, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પાન.નં-૫૭

૩. વાઘેલા અનીલ (૨૦૧૪) એજન, પાન.નં-૬૪

૪. વાઘેલા અનીલ (૨૦૧૪) એજન, પાન.નં-૬૬

૫. વાઘેલા અનીલ (૨૦૧૪) એજન, પાન.નં-૬૭

૬. વાઘેલા અનીલ (૨૦૧૪) એજન, પાન.નં-૬૮

૭. વાઘેલા અનીલ (૨૦૧૪) એજન, પાન.નં-૯૦

૮. વાઘેલા અનીલ (૨૦૧૪) એજન, પાન.નં-૯૧